ગાંધીનગર સમાચાર

તા. ૧૫-૨-૨૦૧૨, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી.....

### ભ્રષ્ટાચાર પણ આભની ઊંચાઇ આંબે છે

ઈટાલીની મૂળ કંપનીની સહયોગી કંપની અગસ્તા-વેસ્ટલેન્ડ સાથે ભારત સરકારે બાર વીવીઆઈપી હેલિકોપ્ટર ખરીદવા માટેનો સોદો કર્યો હતો એમાં ભારે લાંચ ચુકવાઇ હોવાના આરોપસર ઈટાલીની સરકારે કંપનીની સામે તપાસ માંડી હતી જેની ફળશ્રુતિ સ્વરૂપે એના સીઈઓની ધરપકડ પણ થઈ છે. આ સમાચાર છાપાં સુધી પહોંચ્યા ત્યાં સુધી ભારત સરકાર ઊંઘતી રહી. સંરક્ષણ મંત્રી એ.કે. એન્ટની સ્વચ્છ છબી ધરાવતા નેતા છે, પરંતુ આવી બેદરકારી એમની કારકિર્દીને પણ ઝાંખપ લગાડી શકે. સ્વિટ્ઝરલેન્ડના વચેટિયાએ ખુલાસો કર્યો છે કે હેલિકોપ્ટરોની સોદાબાજીમાં તત્કાલીન ઍર ચીફ માર્શલ એસ.પી.ત્યાગીને ૩૬ ૨ કરોડ જેટલી માતબર લાંચ ચૂકવવામાં આવી હતી. પોતે છ-સાત વાર ત્યાગી બંધુઓને મળ્યો હોવાનું પણ એણે સ્વીકાર્યું છે. નિવૃત્ત ઍર ચીફ માર્શલ દલાલને મલ્યા હોવાનું તો સ્વીકારે છે પરંતુ લાંચ લીધી હોવાનો ભારપૂર્વક ઈનકાર કરીને સોદો પાર પડ્યો એ અગાઉ પોતે નિવૃત્ત થઈ ગયા હોવાની દલીલ કરે છે, જે ગળે ઊતરી શકે એવી નથી. ઈટાલીનું નામ પડે એટલે બધાને બોફોર્સ યાદ આવે તે સ્વાભાવિક છે. ભાજપ માટે તો આ વણમાગ્યો ચૂંટણી મુદ્દો બની રહેશે. ભાજપના નેતાઓએ સરકારની ફિરકી લેવાનું શરૂ પણ કરી દીધું છે. પરંતુ હવાઈ દળના વડા સમક્ષ તત્કાલીન વાજપેયી સરકારના સલાહકાર સ્વ. બ્રિજેશ મિશ્ર દ્વારા કરાયેલી ભલામણ અંગે પણ ચર્ચા થઈ રહી છે.

સંરક્ષણ મંત્રી એન્ટનીએ સીબીઆઇ તપાસ કરાવવાનું નક્કી કરતાં તપાસ ચાલુ થઈ ગઈ છે. સીબીઆઈએ દસ સભ્યોની ટીમ બનાવી છે અને તે હવાઈદળના ઉચ્ચ અધિકારીઓ, સંરક્ષણ વિભાગનાં ડાયરેકટર જનરલ ઉપરાંત નિવૃત્ત ઍર ચીફ માર્શલની પણ પૂછપરછ કરી શકે છે, આ તપાસ સંદર્ભે ૧૫૦ કરોડના ખર્ચે ખરીદવામાં આવનારાં 'નાનાં' હેલિકોપ્ટરોનો 'મોટો' સોદો હાલ પૂરતો ટળી ગયો છે. સૌથી શરમજનક બાબત તો એ છે કે આ હેલિકોપ્ટર સોદા માટે વચેટિયાએ એની ગર્લફ્રેન્ડ સહિત છોકરીઓનો ઉપયોગ કર્યો હતો. આપણે ભ્રષ્ટાચાર-ક્ષેત્રે કેટલા આગળ વધી ગયા છી, એનું આ ઝળહળતું ઉદાહરણ છે. લાંચ પહોંચાડવા માટે સુંદરીઓથી વધઉ અસરકારક માધ્યમ બીજું કયું હોઈ શકે? અગસ્તા કંપનીએ હિંદુસ્તાની હવાઈદળની દુખતી રગ બરાબર દાબી જાણી છે, એવું નથી લાગતું? ખોટાં બિલ રજૂ કરી સૉફ્ટવેરના નામે મોટો દલ્લો ઓળવી લેનારા જે કોઈ મહાશય હોત તે - તેમને વહેલી તકે ખુલ્લા પાડી એમને સખત સજા કરવી જોઈએ. વચેટિયાએ જયારે ગંભીર કબૂલાતો કરી છે ત્યારે ભૂતપૂર્વ કેન્દ્રીય સંરક્ષણ રાજયમંત્રી પલ્લમ રાજુ, એસ.પી. ત્યાગીના બચાવમાં ઉતરી પડે તે પણ કેવી વિડંબના છે!



## મહર્ષિ અત્રિ માધ્યમિક શાળામાં ચિત્ર સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર જિલ્લાના પીંપળજ ગામે આવેલી મહર્ષિ અત્રિ માધ્યમિક શાળામાં તાજેતરમાં ચિત્ર સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ચિત્ર સ્પર્ધામાં ધોરણ પ્રમાણે પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. શાળામાં યોજાયેલી ચિત્ર સ્પર્ધામાં ધોરણ-૭માં મેઘના રાઠોડ પ્રથમ ક્રમે, પાર્થ પટેલ દ્વિતીય ક્રમે અને ફેનિલ મિયાણી તૃતીય ક્રમે વિજેતા થયા હતા. ધોરણ-૮માં મનન પટેલ પ્રથમ, કૃણાલ રાઠવા દ્વિતીય અને અનિરૂદ્ધ જાદવ તૃતીય તથા ધોરણ-૯માં રોમિલ રૂપાવટિયા પ્રથમ, કૃપાબા વાઘેલા દ્વિતીય અને સાહિલ સુતરિયા તૃતીય ક્રમે વિજેતા થયા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન ચિત્ર શિક્ષક પ્રકાશ પટેલે કર્યું હતું. વિજેતા વિદ્યાર્થીઓને ટ્રસ્ટી ભરતભાઈ, હર્ષદભાઈ તથા આચાર્ય ભરતસિંહે અભિનંદન પાઠવ્યા હતા.

## ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજનો ૧૬મો સમૂહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખ નરેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ દ્વારા સમાજના નવ યુવાન-યુવતીઓનો સમૂહ લગ્નોત્સવ બા શ્રી હંસાબા ચંદનસિંહ રાજપૂત ભવન, સિવિલ હોસ્પિટલ પાછળ, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે તા.૧૭મી ફેબ્રુઆરી ૨૦૧૩ને રવિવારે સવારે ૭થી સાંજે ૫.૩૦ કલાક દરમિયાન યોજાશે.

સમાજના સમૂહ લગ્નોત્સવમાં ૧૦૭ યુવાન-યુવતીઓ પ્રભુતામાં પગલા માંડી સાંસારિક નવ જીવનની શરૂઆત કરશે. આ પ્રસંગે સમારંભના મુખ્ય મહેમાન તરીકે ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, સમારંભના અધ્યક્ષ તરીકે પૂર્વ ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, મુખ્ય દાતા જીતેન્દ્રસિંહ ચાવડા, ઉદઘાટક તરીકે મેયર, ગાંધીનગરના મહેન્દ્રસિંહ રાણા, બાયડના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા, કામીનીબા રાઠોડ, ડૉ. શંકરસિંહ રાણા અને આશીર્વચન માટે મહામંડલેશ્વર સ્વામી રામમનોહર દાસજી, પ.પૂ. શ્રદ્ધેય બૈદેહીશરણ (દંડીબાપુ) ખાસ ઉપસ્થિત રહેશે.




પપ્પા, એ તો હું ગઈકાલે વેલેન્ટાઈન ડેનું ફુલ આપવા ગર્લફ્રેન્ડનાં ઘરે ગયો... એ ન હતી, એના પપ્પા હતાં તેમાં...!

## રાજ્યમાં કાંસ્યપદક મેળવતી કુ. ઉર્વશી



ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરના સેક્ટર-૫માં આવેલી પ્રેરણા વિદ્યાલયની વિદ્યાર્થિની કુ. ઉર્વશી રાજપૂતે તાજેતરમાં ખેલમહાકુંભની કુસ્તી સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ કરી શાળાનું અને ગાંધીનગરનું રાજ્યકક્ષાએ નામ રોશન કર્યું છે.

પ્રેરણા વિદ્યાલયની વિદ્યાર્થિની કુ. ઉર્વશી રાજપૂતે ખેલ મહાકુંભની કુસ્તી સ્પર્ધામાં તાજેતરમાં રાજ્યકક્ષાએ ભાગ લીધો હતો. રાજ્યકક્ષાની કુસ્તી સ્પર્ધામાં કુ. ઉર્વશી રાજપૂતે ત્રીજો ક્રમ મેળવી વિજય હાંસલ કર્યો હતો. રાજ્યકક્ષાએ કાંસ્યપદક મેળવતી કુ. ઉર્વશીને શાળા પરિવારે તથા ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા અને આચાર્યા સ્વાતિબા રાઓલે શુભેચ્છા પાઠવી છે.



## ખેલ મહાકુંભની સ્કેટીંગ સ્પર્ધામાં ગાંધીનગરના વિદ્યાર્થીઓ ઝળકયા

ગુજરાતમાં સ્વર્ણિમ ખેલ મહાકુંભ દ્વારા ગુજરાતભરના પ્રતિભાશાળી ખેલાડીઓને તેમની રમત પ્રતિભા પ્રદર્શિત કરવાની તક આપવામાં આવે છે જે અંતર્ગત ગાંધીનગરના વિદ્યાર્થીઓએ સ્કેટીંગ સ્પર્ધામાં વિવિધ કેટેગરીમાં પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમાંક મેળવી ગાંધીનગરનું નામ રોશન કર્યું છે. ગાંધીનગરના પ્રતિભાશાળી ખેલાડી હર્ષ, કાંતિ, જય, હર્ષિલ, અપૂર્વ, દેવાંશી, માલવ, અર્જૂન, જીગર, કવન, કુશાંગી, રવીન્દ્ર, હીનાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર પ્રાપ્ત કરી પોતાની કાબેલિયત પ્રગટ કરી છે. વિજેતા ખેલાડીઓને તેમના કોચ ભાર્ગવ આયરે અભિનંદન પાઠવ્યા છે.

## રાવળ યોગી સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ સંપન્ન

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરના આદિવાડા મુકામે રાવળયોગી સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનીત કરવાનો કાર્યક્રમ તાજેતરમાં યોજાયો હતો. ધોરણ ૫ થી ધોરણ-૧૨ સુધીના અને ડીગ્રી કોર્ષના વિદ્યાર્થીઓને ચાંદીના મેડલ, ટ્રોફી, મોમેન્ટો, સ્કૂલ બેગ, ઓફીસ ફાઈલ, કેલક્યુલેટર વગેરે આપી સન્માનીત કર્યા હતાં.

બેચરાજી તાલુકા રાવળ યોગી સમાજ વિકાસ મંડળ દ્વારા સમાજના તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ કાર્યક્રમ આદિવાડા મુકામે યોજાયો હતો.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે રાજયકક્ષાના ગૃહ રાજય મંત્રી રજનીભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીનું સમાજના આગેવાનો દ્વારા પરંપરાગત ઢોલ અને વાજીંત્રોથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

● અનુસંધાન પાના-૭ પર

## વિદ્યાભારતી અધ્યયન કેન્દ્ર દ્વારા શિશુનગરી કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૨માં આવેલી વિદ્યાભારતી અધ્યયન, પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર ખાતે તા. ૧૭મી ફેબ્રુઆરી-૨૦૧૩ને રવિવારે બપોરે ૧૧ થી સાંજે ૭ વાગ્યા દરમિયાન ૩ થી ૧૨ વર્ષના બાળકો માટે શિશુનગરી કાર્યક્રમ યોજાશે. શિશુનગરીના ઉદ્ઘાટન પ્રસંગે ડાયરેક્ટર ફાઈનાન્સ કલ્પતરૂના કમલકિશોર જૈન અને જૈનાબેન જોષી ખાસ ઉપસ્થિત રહેશે.

શિશુનગરી કાર્યક્રમ અંતર્ગત ૩ થી ૫ વર્ષના બાળકો માટે હસ્તપૂતળીનો ખેલ, પશુ પક્ષી ઘર, ચિત્ર પુસ્તકાલય, ચિત્ર નિરીક્ષણ, તરવા માટેનો હોજ, રમવા માટે ક્રિડાંગણ, હસ્તકલાની પ્રવૃત્તિઓ, ચિત્રકલા, ઢીંગલીઘરની રમતો, રંગમંચીય કાર્યક્રમ, મુક્ત રમતો, વસ્તુ સંગ્રહાલય, સંગીતના વાદ્યો, હીંચકો વગેરે આકર્ષણનું કેન્દ્ર બનશે તથા ૬ થી ૧૨ વર્ષના બાળકો માટે ચિત્રકલા, સ્થાપત્યકલા, શિલ્પકલા, પ્રતિભા પ્રસ્તુતિ, સાહસિક રમતો, એકાગ્રતાની રમતો, મુક્ત ક્રિયાઓ, વિજ્ઞાનના પ્રયોગો, હસ્તકલાની પ્રવૃત્તિઓ, જ્ઞાનવર્ધક સાહિત્ય વાંચન, રંગમંચીય કાર્યક્રમ, ઘોડા, હાથી, ઊંટની સવારી અને જ્ઞાન વર્ધક પ્રદર્શની યોજાશે. જેનો લાભ લેવા આચાર્ય સંતોષ શર્માએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## સિદ્ધાર્થ લૉ કોલેજની પરીક્ષાઓનો ૧૮મીથી પ્રારંભ થશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૬માં આવેલી સિદ્ધાર્થ લૉ કોલેજના આચાર્યએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, કોલેજની આંતરિક પરીક્ષા તા. ૧૮મી ફેબ્રુઆરી-૨૦૧૩થી શરૂ થશે. એલ.એલ.બી. સેમેસ્ટર-૨, સેમેસ્ટર-૪ અને થર્ડ એલ.એલ.બી.ની પરીક્ષામાં દરેક વિદ્યાર્થીને ફરજીયાત હાજર રહેવા ખાસ જણાવાયું છે.

## સરકારી પ્રાથમિક શાળા નં. ૧ જીઈબી કોલોનીનો વાર્ષિક રમતોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૪

સરકારી પ્રાથમિક શાળા નં. ૧, જીઈબી કોલોની, ગાંધીનગરમાં તાજેતરમાં શાળાનો વાર્ષિકોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. શાળામાં વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમની સાથે સાથે રમતોત્સવ પણ ઉજવવામાં આવ્યો હતો. શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ રમતો અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં સુંદર કૌશલ્ય પ્રગટ કર્યું હતું.

સરકારી પ્રાથમિક શાળા જી.ઈ.બી. કોલોની ખાતે શાળાનો વાર્ષિકોત્સવ ઉજવાઈ ગયો. દરેક ધોરણના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળાના રમતોત્સવમાં દોરડાકૂદ, જલેબીખાઉ, લોટફૂંકણી, સ્લોસાઈકલ, ત્રિપગી, કોથળાદોડ, આંધળાનો ગોળીબાર વગેરે જેવી વિવિધ રમતો યોજવામાં આવી હતી.

શાળામાં વાલીઓનો પણ અનેરો ઉત્સાહ જોવા મળતો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગરબા અભિનયગીત, વેસભૂષા, ડાન્સ વગેરે સમાવેશ કરાયો હતો. દરેક બાળકોને શાળાના આચાર્ય તરફથી તીથીભોજન આપવામાં આવ્યું હતું. કિશોરીમેળામાં દો. ૬ થી ૮ની કન્યાઓમાં જાગૃતિ કેળવાય તે હેતુથી હંસાબેન મોદીના અધ્યક્ષસ્થાને બે દિવસનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કન્યાઓને પોતાનું સ્વરક્ષણ કેવી રીતે કરવું, સ્વચ્છતા આરોગ્યની જાળવમી વગેરે વિષય પર વક્તવ્યો ગોઠવાયા હતા. શાળાના શિક્ષિકાબેનોએ ધો. ૫ થી ૮ની બાળાઓને કેશગૂંફન, મહેંદી હરીફાઈ, રંગોળી સ્પર્ધા, વર્ગુસુશોભન વગેરેની સ્પર્ધાઓમાં ભાગ લેવા પ્રેરી હતી. જેમાં પ્રથમ ત્રણ ઈનામો અને બધાને આશ્વાસન ઈનામો અપાયા હતા. શાળા પરિવારે સમગ્ર કાર્યક્રમ દરમ્યાન બધા જ બાળકોને જરૂરી માર્ગદર્શન પુરુ પાડ્યું હતું.



## TAT/TET/RMSA અંતર્ગત શિક્ષકોને પરીક્ષાઓ માટે ઉપયોગી પ્રશ્નોત્તર

### સામાન્ય જ્ઞાન કસોટી-૪

(૧) રાષ્ટ્રગીતની શરૂઆત સર્વ પ્રથમ કયા દેશે કરી હતી?
(ક) ભારત (ખ) ઈંગ્લેન્ડ
(ગ) જાપાન (ઘ) અમેરિકા

(૨) ગણેશોત્સવ દ્વારા સ્વતંત્રતા સંઘર્ષમાં નવો રંગ લાવનાર નેતા કોણ હતા?
(ક) બિપીનચંદ્ર પાલ
(ખ) લાલા લજપતરાય
(ગ) બાલગંગાધર ટિલક
(ઘ) મહાદેવ રાનડે

(૩) કયા વાયુની ઝેરી અસરથી ચહેરો લાલઘૂમ થઈ જાય છે?
(ક) ફોસ્ફરસ પેન્કોક સાઇડ
(ખ) સલ્ફર ડાયોકસાઈડ
(ગ) કાર્બન ડાયોકસાઈડ
(ઘ) કાર્બન મોનોકસાઈટ

(૪) ગમે તેટલી સંખ્યાના સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર કરતી 'એબેક્સ'ની શોધ કયા દેશમાં થઈ હતી?
(ક) ચીન (ખ) જાપાન
(ગ) અમેરિકા (ઘ) ભારત

(૫) ૧૫ કેરેટ સોનામાં શુધ્ધ સોનાનું પ્રમાણ કેટલું હોય છે?
(ક) ૧૦૦ટકા (ખ) ૭૫ ટકા
(ગ) ૮૦ટકા (ઘ) ૬૦ટકા

(૬) 'ભૂલ થવી માનવીય છે, જયારે ક્ષમા આપવી દૈવી છે.' આ વિધાયન કોણે કહ્યું હતું?
(ક) સેન્ટ પોલ (ખ) મહાત્મા ગાંધી
(ગ) એલેકઝાન્ડર પોપ (ઘ) જયોર્જ બર્નાડ શૉ

(૭) ગાંધીજી આફ્રિકામાં હતા ત્યારે કયું પત્ર ચલાવતા હતા?
(ક) હિન્દ સ્વરાજ (ખ) સર્વોદય
(ગ) નવજીવન (ઘ) ઈન્ડિયન ઑપિનિયન

(૮) અવકાશમાં મુસાફરી કરનારા પ્રથમ અમેરિકન અવકાશયાત્રી કોણ હતા?
(ક) જહોન ગ્લેન (ખ) જેમ્સ લોવેલ
(ગ) નીલ આર્મસ્ટ્રોંગ (ઘ) એડવર્ડ વ્હાઈટ

(૯) ડાયાલિસીસની સારવાર કયા પ્રકારના દર્દીને આપવામાં આવે છે?
(ક) ફેફસાના (ખ) કીડનીના
(ગ) આતરડાંના (ઘ) ડાયાબીટીસનાં

(૧૦) ભારતમાં કયા શહેરમાં સર્વપ્રથમ ભૂગર્ભ મેટ્રો રેલવે શરૂ થઈ હતી?
(ક) દિલ્હી (ખ) મુંબઈ
(ગ) બેંગ્લોર (ઘ) કોલકાત્તા

(૧૧) 'ભાવિ પેઢી કદાચ ભાગ્યે જ માનશે કે આવો લોહી માંસનો બનેલો માનવી પૃથ્વી પર પાક્યો હતો!' આ શબ્દોમાં ગાંધીજીને શ્રધ્ધાંજલિ કોણે આપી હતી?
(ક) બટ્રાંડ રસેલ (ખ) બર્નાર્ડ શૉ
(ગ) એલ્બર્ટ આઈન્સ્ટાઈન (ઘ) લિયો ટૉલ્સટૉય

(૧૨) કયો વાયુ હસાવનાર વાયુ છે?
(ક) હિલિયમ
(ખ) નાઈટ્રેટ ઓકસાઈટ
(ગ) એમોનિયા
(ઘ) કાર્બન ડાયોકસાઈટ

(૧૩) રા.વિ. પાઠકે કોને 'ટૂંકા વાકયોનાં કલાકાર' કહ્યા છે?
(ક) કાકા કાલેલકરને
(ખ) ફાધર વાલેસને
(ગ) કિશનચિંહ ચાવડાને
(ઘ) મહાત્મા ગાંધીજીને

(૧૪) એક દિવસની સેકન્ડ કેટલી?
(ક) ૮૪૬૦૦ (ખ) ૮૬૪૦૦
(ગ) ૪૬૮૦૦ (ઘ) ૬૪૮૦૦

(૧૫) જો બ, ક, નો પતિ, અ, બ, ની પુત્રી, ડ, અ, નો પતિ અને ઈ, ડ ની પુત્રી છે તો ઈ નો ક સાથે શો સંબંધ છે?
(ક) દીકરીની દીકરી (ભાણેજ)
(ખ) ભત્રીજી
(ગ) પિતરાઈ ભાઈ
(ઘ) પુત્રી

(૧૬) કઈ રોમનદેવી ગ્રીકમાં 'ઈફ્રોડાઈટી' કહેવાય છે?
(ક) ઈરોઝ (ખ) સીરિઝ
(ગ) મિનર્વા (ઘ) વીનસ

(૧૭) ભારતમાં વિખ્યાત રૉક ગાર્ડન (પથ્થરનો બગીચો) કયા શહેરમાં આવેલો છે?
(ક) ચંદીગઢમાં (ખ) જયપુરમાં
(ગ) બેંગ્લોરમાં (ઘ) કોલકાત્તામાં

(૧૮) કયા ભારતીય વિજ્ઞાનીના નામ પરથી ચંદ્ર પરના જવાળામુખી પર્વતનું નામ પડ્યું છે?
(ક) જગદીશચંદ્ર બોઝ
(ખ) રાજા રમન્ના
(ગ) વિક્રમ સારાભાઈ
(ઘ) બીરબલ સહાની

(૧૯) બે વ્યક્તિ સ્કૂટર પર જતી હતી. ત્રીજી વ્યક્તિએ બંનેનો સંબંધ પૂછ્યો, બંનેએ એક જ ઉત્તર આપ્યો કે, મારી સાસુ અને આની સાસુ, મા-દીકરી થાય - તો તે બે વ્યક્તિ વચ્ચે શો સંબંધ હશે?
(ક) સાસુ-વહુનો
(ખ) સસરા-પુત્રવધૂનો
(ગ) જમાઈ-સાસુનો
(ઘ) કાકા-ભત્રીજીનો

(૨૦) બાંગ્લાદેશના રાષ્ટ્રીય ચલણનું નામ શું છે?
(ક) રૂપિયો
(ખ) કયાત
(ગ) દિનાર
(ઘ) ટકા

(૨૧) ભારતની ભૂમિ પર ૧૯૧૭ની સાલમાં મહાત્મા ગાંધીજીએ પોતાનો પ્રથમ સત્યાગ્રહ કયા શહેરમાં શરૂ કર્યો હતો?
(ક) અમદાવાદ (ખ) સાબરમતી
(ગ) બારડોલી (ઘ) ચંપારણ્ય

(૨૨) ટ્રકોમાં (Tracroma) શરીરમાં કયા અંગને અસર કરનાર રોગ છે?
(ક) ચામડી (ખ) ફેફસાં
(ગ) આંખ (ઘ) કાન

(૨૩) વિસ્તાર (ક્ષેત્રફળ)ની દૃષ્ટિએ વિશ્વનો સૌથી મોટો દેશ કયો છે?
(ક) ચીન
(ખ) ભારત
(ગ) અમેરિકા
(ઘ) રશિયા

(૨૪) આઝાદીના કયા લડવૈયાનું મૃત્યુ જેલમાં ભૂખ હડતાલને કારણે થયું હતું?
(ક) ભગતસિંહ (ખ) જતીનદાસ
(ગ) બી.જી. તિલક (ઘ) બિપીનચંદ્ર પાલ

(૨૫) મહાન ક્રાંતિકારી નેતા વીર સાવરકરને કયા સ્થળે કારાવાસમાં રાખવામાં આવ્યા હતા?
(ક) નિકોબારમાં
(ખ) માંડલેમાં
(ગ) આંદામાનમાં
(ઘ) માલદીવમાં

**ઉત્તરો :**

(૧) ગ (૨) ગ (૩) ઘ (૪) ક (૫) ખ (૬) ગ (૭) ઘ (૮) ક (૯) ખ (૧૦) ઘ (૧૧) ગ (૧૨) ખ (૧૩) ઘ (૧૪) ખ (૧૫) ક (૧૬) ઘ (૧૭) ક (૧૮) ગ (૧૯) ખ (૨૦) ઘ (૨૧) ઘ (૨૨) ગ (૨૩) ઘ (૨૪) ખ (૨૫) ગ

(ક્રમશઃ)

- રૂપલ એચ. શાહ, (એમ.એ.બી.એડ્)
શિક્ષિકા : સર્વ વિદ્યાલય કેમ્પસ, સે-૨૩, ગાંધીનગર